અપીલ અરજી નં.૯૭ તા.૧૪–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૪–૫–૧૦ ની અરજીથી ટીપી નં.ર ઉધનામાં આવેલ ગોપાલનગર ખાતે પ્લોટ નં.૮૯–૯૦,૯૭–૯૮,૨૨૦–૨૨૨ વાળા મિલ્કતધારકો પાસેથી આપના વિભાગે ડીમોલીશન થયેલ આ બાંધકામો ફરીથી ન થાય તેની સીકયુરીટી પેટે પાંચ પાંચ લાખના ચેક લીધા હતા તો આ બાંધકામ ડીમોલીશન થયા બાદ ફરીથી બાંધવામાં આવ્યા હોવાની જાણ આપના વિભાગને થતા સીકયુરીટી પેટે લીધેલ ચેક આપના વિભાગના કયા ખાતામાં તથા કઈ તારીખે બેંકમાં જમા કરાવ્યા તે ચેકની નકલ અથવા વિગતો તથા આપના ખાતામાં જમાં થયેલ રકમનની તારીખ તથા બેંકના નામ રકમ સહિતની વિગતની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૪–૬–૧૦ ની **SMC/FAP/** નં.૯૭/૨૦૧૦–૧૧

શ્રી રમેશ કે. જાંગીડની તા.૪–૫–૧૦ ની અરજીથી ટીપી નં.ર ઉધનામાં આવેલ ગોપાલનગર ખાતે પ્લોટ નં.૮૯–૯૦,૯૭–૯૮,૨૨૦–૨૨૨ વાળા મિલ્કતધારકો પાસેથી આપના વિભાગે ડીમોલીશન થયેલ આ બાંધકામો ફરીથી ન થાય તેની સીકયુરીટી પેટે પાંચ પાંચ લાખના ચેક લીધા હતા તો આ બાંધકામ ડીમોલીશન થયા બાદ ફરીથી બાંધવામાં આવ્યા હોવાની જાણ આપના વિભાગને થતા સીકયુરીટી પેટે લીધેલ ચેક આપના વિભાગના કયા ખાતામાં તથા કઈ તારીખે બેંકમાં જમા કરાવ્યા તે ચેકની નકલ અથવા વિગતો તથા આપના ખાતામાં જમાં થયેલ રકમનની તારીખ તથા બેંકના નામ રકમ સહિતની વિગતની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામા પ્રતિભાવ ન મળવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૪–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ અંગેનો પત્ર,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૭૧ તા.૧૯–૬–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૪–૫–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં જણાવેલ બાબતે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને કરવામાં આવેલ. જે બાબતે નિયત સમય મર્યાદામાં કોઈ પ્રતિભાવ ન મળવાથી અરજદારે તા.૧૪–૬–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી પાડેલ જણાતી નથી તેમજ માહિતીના ઈન્કાર અંગેના આરટીઆઈની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૪–૫–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોય દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)... ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,